Date :- 26-09-2024
Divya Bhaskar, Page-ii, Surat

### તાપી TBM 727 દિવસ પછી બહાર આવ્યું

# સ્ટેશનથી કાપોદ્રા વચ્ચે મેટ્રોની અપલાઈન ટનલ પણ તૈયાર

## માર્ચ સુધીમાં ફિનિશિંગ અને ટ્રેકનાં કામો કરાશે

ટ્રાન્સપોર્ટ રિપોર્ટર | સુરત

મેટ્રો રેલવે પ્રોજેક્ટના અંડરગ્રાઉન્ડ સેક્શન પેકેજ સીએસ-2 સુરત સ્ટેશનથી કાપોદ્રા સેક્શન પર અંતે ડાઉનલાઈન ટનલ બાદ હવે અપલાઈન ટનલનું કામ પણ પૂર્ણ કરી લેવાયું છે. બુધવારે સાંજે 4 કલાકે ટનલ બનાવી રહેલું તાપી ટીબીએમ મશીન કુલ 727 દિવસ બાદ 2484 મીટર લાંબી ટનલ બનાવી સુરત મેટ્રો અંડરગ્રાઉન્ડ સ્ટેશનથી સફળતાપૂર્વક બહાર આવી હતી. આની સાથે જ હવે સુરત રેલવે સ્ટેશનથી કાપોદ્રા સુધી અપ અને ડાઉન બંને મેટ્રો રેલવે ટનલ પૂર્ણ રીતે બનાવી લેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે 30 ઓગસ્ટે નર્મદા ટીબીએમ મેટ્રો અંડરગ્રાઉન્ડ સ્ટેશનથી 614 દિવસો બાદ 2492 મીટર લાંબી ડાઉન લાઈન ટનલનું નિર્માણ કરીને બહાર આવી હતી. 3.46 કિલોમીટર લાંબી અંડરગ્રાઉન્ડ મેટ્રો લાઈન ટનલ માટે તાપી ટીબીએમએ 29 સપ્ટેમ્બર 2022થી અપલાઈન ટનલના નિર્માણકાર્ય માટે કાપોદ્રાથી ડ્રિલિંગ શરૂ કર્યું હતું. જે 10 મહિના મોડેથી 25 સપ્ટેમ્બરે બહાર આવ્યું હતું. હવે બંને ટનલોનું ફિનિશિંગ કામની સાથે ટ્રેક પાથરવાનું કામ શરૂ થશે. જે માર્ચ સુધીમાં પૂર્ણ કરાશે.